R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

# CDO PRAKASH SAMIKSHA

Since 1925...

(Gujarati & English Bilingual) FORTNIGHTLY

સળંગ વર્ષ ૯૮મું

VOLUME : 02 • ISSUE : 16 • PAGES : 32 • MUMBAI • DATE : 20TH JUNE 2022

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-



With Best Compliments from:

MICROFINISH

Pumps • Valves • Automation




MICROFINISH VALVES PVT. LTD.

**REGISTERED OFFICE:**
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

**WORKS:** Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

**BRANCH OFFICES:**
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

## ચિ. જીજ્ઞાસુ રસેશભાઈ ચસ્માવાળાની એનેરી શૈક્ષણિક સિદ્ધિ – IIT+IIM.









સ્વ. ડો. જયચંદ દેવશી લોડાયા તથા સ્વ. ડો. માનસીબેનના દોહિત્ર, ચિ. જીજ્ઞાસુ ડો.જાગૃતિ – રસેશભાઈ ચસ્માવાળાએ ભારતની પ્રીમિયર ગણાતી વિદ્યામંદિરોમાંથી સ્નાતક અને અનુસ્નાતકની પદવી મેળવી છે. તેણે IIT ગુવાહાટીથી કોમ્પ્યુટર સાયન્સ એન્ડ એન્જિનિયરીંગમાં B Tech કરી અને IIM કલકત્તાથી MBA in Finance કરેલ છે.

પોતાના નામ અનુસાર ચિ. જીજ્ઞાસુ બચપણથીજ જ્ઞાન પિપાસા અને વિચક્ષણ બુદ્ધિ ધરાવે છે. જીગન્યાસુને ઉચ્ચ અભ્યાસ અને વાંચનનો વારસો બન્ને પક્ષથી મળેલ છે. દાદાજી, સોલિસિટર સ્વ. શ્રી જયંતીલાલભાઈએ જીજ્ઞાસુને ગણિત અને વાંચનમાં ખુબ પ્રોત્સાહિત કર્યા હતા.

પિતા રસેશભાઈનો BE, MS (USA) એન્જિનિયરીંગ શિક્ષણનો અનુભવ અને માતા ડો. જાગૃતિબેન (ગોલ્ડ મેડાલિસ્ટ, MDS ઓર્થોડોન્ટિસ્ટ અને MDS ઓરલ પેથોલોજીસ્ટ)ના પ્રોત્સાહનથી ચિ. જીજ્ઞાસુ મલ્ટી ઈન્ટરેસ્ટેડ વિદ્યાર્થી બન્યા. શાળા/કોલેજના અભ્યાસક્રમ ઉપરાંત એમને ભારતીય ભાષા, સંસ્કૃતિ, ઈતિહાસ, સ્થાપત્ય વિગેરે વિષયોમાં ઊંડો રસ છે. તે સંસ્કૃત અને કચ્છી સહીત પાંચ ભારતીય ભાષાઓ જાણે છે. વિદ્યાર્થી તરીકે એમણે ઘણા સ્પર્ધાત્મક આયોજનોમાં પુરસ્કાર પણ મેળવ્યા છે તેની પ્રકાશ સમીક્ષાએ પણ ૨૦૧૧માં નોંધ લીધી હતી.

પુરુષાર્થ કરો તો પ્રારબ્ધ ખુલે! ભારતીય ઉચ્ચ શિક્ષણ સંસ્થાનોમાં દાખલ થવા માટે વિદ્યાર્થીઓને ખુબ અઘરી પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થવું પડે છે. દા. ત. IITની એન્ટ્રન્સ ટેસ્ટ,'JEE ADVANCED' ને તો વિશ્વની દસ સૌથી અઘરી પરીક્ષાઓમાંથી એક ગણવામાં આવે છે! આ શૈક્ષણિક સફરમાં સતત સગા વહાલાનો પ્રેમ અને આશીર્વાદ મળતા રહ્યા તે કેમ કરી વિસરાય? લોડાયા અને ચસ્માવાળા પરિવાર તરફથી સહુ સ્નેહી પરિવારોને હૃદયપૂર્વક જય જીનેન્દ્ર.

બૃહદ અજાણી તથા ધુલ્લા પરિવારના આશીર્વાદથી ચિ. ભાઈ જીજ્ઞાસુ ૨૪ વર્ષની વયે ‘‘કોર્પોરેટ વર્લ્ડ’’માં પદાર્પણ કરી રહ્યા છે. હમણાં એ એક નામાંકિત મુંબઈ સ્થિત વિત્તીય કંપનીના ‘મેક્રો ઈકોનોમિક રિસર્ચ એન્ડ એનાલિસિસ’ વિભાગમાં કાર્યરત છે. આધુનિક વિજ્ઞાન, ભારતીય સંસ્કૃતિ અને ધર્મનો ત્રિવેણી સંગમ સધાય તો સાચા અર્થમાં શ્રી અને સરસ્વતીના આશિર્વાદ મળે.

શ્રી શાંતિનાથ ભગવાનની અસીમ કૃપાથી ચિ. જીજ્ઞાસુ સફળતાના સોપાન સર કરે તેવી શુભેચ્છા અને પોતાના પરિવારનું નામ ઉજ્જવળ કરે એવી પ્રાર્થના.

**નાનાણા પરિવાર : સ્વ.ડો. માનસી જયચંદ દેવશી લોડાયા, કોઠારા (ઘાટકોપર)**

**દાદાણા પરિવાર : માતુશ્રી અરૂણાબેન જયંતીલાલ ચસમાવાળા, સુરત (માટુંગા રોડ)**



"જીવન ઉદ્યાનની,
ફાર્મની ફોરમ ફેલાવતી
લાવણ્યમયી લતા
તૃતીય પુણ્યતિથીએ સ્મરીએ
તમારી ગુણવત્તા"

# શ્રીમતી લતાબેન કાંતિલાલ વોરા

રંગપુર (કોઈમ્બતુર)

જન્મ
૧૫.૭.૧૯૫૨

અરિહંત શરણ
૨૨.૬.૨૦૧૯

"દરેક જીવોને પ્રેમ કરો, દરેક જીવોને મદદ કરો
જીંદગીનો આજ અભિગમ છે, આજ માર્ગ છે"

## લતાબેન કાંતિલાલ વોરા પોતાનું સમગ્ર જીવન આ શૈલીથી જીવી ગયા

આપે દરેક જીવોને અગાધ, અનુપમ, અગણિત પ્રેમ કર્યો. પ્રકૃતિ અને પદાર્થો ઉપર પણ આપનો પ્રેમનો ધોધ વહેતો હતો. આપની કુટુંબ પ્રત્યેની ભક્તિ અને સમર્પણ અદ્વિતિય અતુલનીય હતું. આપણા ફાર્મની અને તેમાં કામ કરતા સર્વે સભ્યોની આપે સુંદર દેખભાળ કરી. ફાર્મની ગાયો આજે પણ આપનો ઈંતજાર કરી રહી છે. આપની સાદગી અને સખત પરિશ્રમ અમારા હૃદયને સ્પર્શી રહ્યો છે. આપે આપની ફરજ અને સમર્પણનું સુયોગ્ય સંતુલન કર્યું. આપની જીંદગીના આ ગુણોમાંથી પ્રેરણા લઈ આપની સુનહરી યાદને મનમાં રાખી આપને શ્રદ્ધાના સુમન અર્પણ કરીએ છીએ.

આપના આશીર્વાદ અને યાદોના ખજાનાને શબ્દોમાં વર્ણવી શકાય નહીં. આપના જીવન સંસ્મરણ આજે પણ કાંતિભાઈ અને અમારા જીવન ઉદ્યાનને મઘમઘતો રાખે છે.

## વોરા અને લુઠિયા પરિવારજનોના શત્ શત્ પ્રણામ

ભાવભર્યા શ્રધ્ધાસુમન અર્પણ કરતા

## જીવનસાથી : શ્રી કાંતિલાલ વોરા - રંગપુર (કોઈમ્બતુર)

**તંત્રી સ્થાનેથી**

# જ્ઞાતિજનોને આત્મનિર્ભર બનાવીએ



- ડૉ. હીરાચંદ દંડ

આજે આપણને સૌને લાગે છે કે ક.દ.ઓ. જ્ઞાતિનો સિતારો ચમકી રહ્યો છે અને જ્ઞાતિની ઉત્તમ પ્રગતિ થઇ છે પણ આપણે આપણાં ભાઇ-બહેનોની સાચી આર્થિક સંકડામણ વિશે ચર્ચા કરવા નથી ઇચ્છતા. આપણા હજારો પરિવારો ખૂબજ ઓછી આવક ધરાવે છે તથા આવક ખર્ચના બે છેડા ભેગા કરવા તેમના માટે મુશ્કેલ છે, તેમને આર્થિક મદદની જરૂર છે. આપણે તે બધા પરિવારોને મજબૂત અને આર્થિક રીતે સ્વતંત્ર બનાવવા જોઇએ જેથી ભવિષ્યમાં તેમને શિક્ષણ કે આરોગ્ય સારવાર માટે મદદની જરૂર ન પડે.

કોરોના કાળમાં વર્ષ ૨૦૨૦માં મુંબઇ મહાજનના પ્રમુખશ્રી નયન અશોક ભેદા તથા શ્રી અરિહંત બેંકના ડીરેક્ટર ગુલાબ ડુંગરશી ધરમશી (શાહ)ના નેતૃત્ત્વમાં જરૂરતમંદ જ્ઞાતિજનો માટે ઓછી પ્રક્રિયા અને ઓછા વ્યાજદરની લોન આપવાની યોજના બનાવી હતી જેથી નાના વેપારીઓ, ધંધાદારીઓને ટેકો મળી રહે જેનો લાભ ૩૫ જ્ઞાતિજનોએ લીધો હતો. એવી જ રીતે હવે સ્વ. શ્રી. રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર પણ જરૂરતમંદોને વેપાર ધંધાના વિકાસ માટે તથા નવો ધંધો વ્યવસાય શરૂ કરવા માટે શ્રી અરિહંત બેંકના સહયોગથી મદદરૂપ થવા આગળ આવેલ છે. શ્રી અરિહંત બેંકના ડીરેક્ટર શ્રી ડોલર પ્રતાપ લોડાયા (શાહ)ના પ્રયત્નોથી સ્વ. શ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવારે બેંક લોનનું સંપુર્ણ વ્યાજ તથા અન્ય ખર્ચ ઉપાડવાની તૈયારી દર્શાવી છે.

ઇચ્છુક જ્ઞાતિજનને ધંધા વ્યવસાય માટે રૂા. ૫૦,૦૦૦/- થી રૂા. ૫,૦૦,૦૦૦/- સુધીની લોન ૩૯ મહિના માટે મળશે જે ૩૬ માસિક હપ્તામાં પરત કરવાની રહેશે. જેનુ વ્યાજ શ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર ભરશે. આ ઉદાર સહયોગથી જ્ઞાતિજનો સ્વતંત્ર અને સ્વતંત્ર અને સ્વાવલંબી બનશે. આ લોન યોજનાની શરૂઆત જૂન મહિનામાં શરૂ થઇ છે અને જથી જુલાઇથી લોનની રકમ આપવામાં આવશે. આવા ઉપયોગી આયોજન બદલ આ સ્થળેથી હું શ્રી મુંબઇ મહાજનની કમિટીના સભ્યોને, શ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવારને તથા શ્રી અરિહંત બેંકના ડીરેક્ટર બોર્ડને ધન્યવાદ આપું છું. આજે બેંકની લોન લેવી ખૂબજ લાંબી અને અગવડ ભરેલી પ્રક્રિયા છે પરંતુ શ્રી અરિહંત બેંકના બોર્ડ ઓફ ડીરેક્ટર્સે રિઝર્વ બેન્કની નિયમાવલી અનુસરીને લોનની પ્રક્રિયાને સરળ અને સુગમ બનાવી છે. આપણા જે કોઇ ભાઇબહેનને ધંધો વ્યવસાય શરૂ કરવા, વિકસિત કરવા માટે આર્થિક મદદની જરૂર હોય તેમણે આ વ્યાજ વિનાની લોનનો લાભ લેવો જોઇએ.

ઉપરોક્ત બન્ને યોજનાઓ મુંબઇ તથા આસપાસના વિસ્તારમાં વસતા ક.દ.ઓ. જ્ઞાતિજનો માટે છે. શ્રી રાયચંદ ધરમશી પરિવાર તેમનો આ સહયોગ અન્ય બેંકો સાથે સંકલન સાધી દક્ષિણ ભારત, ગુજરાત અને કચ્છમાં પણ આપવા ઇચ્છુક છે.

આપણા અનેક પરિવારો મુંબઇથી બહાર પણ ઉદ્યોગગૃહો તથા બીઝનેસ હાઉસ ધરાવે છે. તેમણે પણ આવી આર્થિક સહાયતાની યોજનાઓ સાથે આગળ આવવું જોઇએ જેથી નાના વેપારીઓ-ધંધાદારીઓ મજબુત થાય અને તેઓ આત્મનિર્ભર બને.


**જાહેરાતદારોને નિવેદન**

આપ જ્યારે જાહેરાતની મેટર મોકલાવો ત્યારે તેની સાથે બીલ કોના નામનું જોઇશે તે જણાવશો. સાથે આપનું સરનામું, કોન્ટેન્ટ પર્સનનો મોબાઇલ નંબર અચૂક મોકલવા વિનંતી. પેમેન્ટ મોકલ્યા પછી પેમેન્ટ ટ્રાંજેક્શન સ્લીપ કે પે સ્લીપ સાથે મોબાઇલ નંબર મોકલવા જેથી રકમ આપના ખાતામાં જમા લઇ શકાય.

**Note to Advertisers**

Please send billing Name, Address and Contact Person Name & Mobile No for Advt. with matter.

After made payment of the Advt. send the payment transaction slip or pay slip with your name & contact No. For Accounting Process.

## આદ્યતંત્રીઓ

**"પ્રકાશ"**
ડૉ. વેલજી પાર્શ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ
રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**
ડૉ. હીરાચંદ દામજી દંડ
**: તંત્રી મંડળ :**
કેશરસિંહ આણંદજી ખોના      ઉદયન લાલજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : ડૉ. હીરાચંદ દામજી દંડ
માનદ્મંત્રી : તેજસ બંકીમચંદ્ર લાલકા
કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા      કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
કેશરસિંહ આણંદજી ખોના      પંકજ પ્રતાપ શાહ
તિલકચંદ કુંવરજી લોડાયા      શૈલેશ સનત્ શાહ
ઉદયન લાલજી લોડાયા      કિરીટ ખેતસી શાહ
જયંત વિશનજી છેડા


**કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી**


**વૉલ્યુમ : ૦૨, અંક : ૧૬, તા. ૨૦-૦૬-૨૦૨૨**



**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**PRAKASH SAMIKSHA**
A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**
હેમાંગ લાલજી શાહ
મો.: 99206 46846
E-mail : **kdoprakash@gmail.com**


**સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.**

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

## 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

### પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

## કલ્પવૃક્ષ યોજના




તારીખ ૫ મે ૨૦૨૨ ના પ્રકાશ સમીક્ષા ના તંત્રી લેખમાં તંત્રીશ્રી હીરાચંદ દામજી દંડ એ કલ્પવૃક્ષ યોજના વિશે અભ્યાસપુર્ણ લેખ લખી, કે ડી ઓ જ્ઞાતીજનોની લાગણીઓ ને વાચા આપી તે બદલ ખુબ ખુબ ધન્યવાદ.

ડી બી કે ડી ઓ એકમની આ યોજના વિશેની પહેલી મિટીંગ કોચીનમાં ભરાઈ હતી. એ વખતના એકમના અધિકારીઓ અને અન્ય પ્રતિષ્ઠિત મહાનુભાવો પધાર્યા હતા. કોચીન કેડીઓ મહાજનના સભ્યોની બહોળી હાજરીમાં કલ્પવૃક્ષ યોજના વિશે માહિતી આપવામાં આવી હતી. અને આખી જ્ઞાતિને આ સ્કીમમાં જોડાવાનુ આવાહન કરવામાં આવ્યું હતું. અને થોડાક વર્ષોમાં બધા જ જ્ઞાતિ બંધુઓ લખપતિ બની જશે એવી બાંહેધરી આપવામાં આવી હતી. (એ વખતે લાખ રૂપિયાની વેલ્યુ હતી). એ વખતે ઉત્સાહભર્યું વાતાવરણ હતું અને ઘણા જ જ્ઞાતિજનો આ યોજનામાં જોડાયા હતા. કોચીનના અન્ય જ્ઞાતિવાળા કચ્છ ગુર્જર, સોરઠીયા વણિક જ્ઞાતિ, લોહાણા વગેરે પણ આપણી જ્ઞાતિ પર ભરોસો મૂકી આ સ્કીમમાં જોડાયા હતા. આ સ્કીમના પ્રમોટર્સ કે પ્રચારકોએ ગામેગામ ફરી આ યોજનામાં જોડાવા માટે આગ્રહ કર્યો હતો. અને આપણા જ્ઞાતિજનોને એમ પણ કહેવામાં આવેલું કે અન્યત્ર કરેલું રોકાણ કાઢી લઈને કે દાગીના ગીરવી મૂકીને કે યેનકેન પ્રકારે આ યોજનામાં જોડાવા આગ્રહ કરવામાં આવ્યો હતો અને જ્ઞાતિજનો એમનામાં વિશ્વાસ મૂકી આ યોજનામાં સામેલ થયા હતા. અને થોડા વર્ષોમાં બધાં જ લાખોપતિ બની જશે એવી આશામાં બેઠા હતા.

થોડા વર્ષો બાદ પ્રકાશ સમીક્ષામાં વૃક્ષોના ગ્રોથના ફોટા પણ આપવામાં આવ્યા હતા. બધું જ સારી રીતે ચાલે છે એવા સમાચાર આપવામાં આવ્યા હતા.

એ પછીના એકાદ બે વર્ષમાં સમાચાર આવ્યા કે ઝાડોના મૂળમાં કીડા લાગ્યા છે અને ઝાડોમાંથી લાકડું મળવાની સંભાવના નથી.

એ અરસામાં બીજી પલાન્ટેશન કંપનીઓ ફેઈલ ગયેલી. અને લોકોના નાણાં સલવાઇ ગયા હતા. પણ એ તો નફો કમાવવા માટે ઉભી કરવામાં આવેલી. પણ કલ્પવૃક્ષ યોજના તો આપણી જ્ઞાતિ દ્વારા ઉભી કરાઈ હતી અને લોકોએ એના ઉપર ભરોસો મૂકી નાણાં રોક્યા હતા.

કોચીન કેડીઓ મહાજન દ્વારા પ્રકાશ સમીક્ષાનાં માધ્યમથી ડીબીકેડીઓ એકમને વિનંતી કરવામાં આવી હતી કે લોકોનો વિશ્વાસ ભરોસો નહીં તોડતા. પણ એ વખતના એકમના અધીકારીઓ એક જ વાત કરતા કે અમે તો ફક્ત કોઓર્ડિનેટર છીએ.

હાલના એકમના કમિટી મેમ્બર્સ પૂરા પ્રયાસ કરી રહ્યા છે કે રોકાણકારોને પુરૂં વળતર મળે. જમીનના જે દસ્તાવેજ ભૂતપૂર્વ ટ્રસ્ટી પાસે છે તે મેળવી એકમ હસ્તકની જમીન સારા ભાવે વેચી મેમ્બરોને પ્રો રાટા બેસીસ પર પાછા આપે એવી વિનંતી અને આ એકમને તો વૃક્ષના વેચાણનું કમીશન તો મળેલ જ છે. આજની નવી યુવા પેઢીને આ પ્રકરણની માહિતી મળી એના માટે પ્રકાશ સમીક્ષા ને ખૂબ ખૂબ ધન્યવાદ.

**– રમેશ જેઠાભાઈ નાગડા-કોચીન**
**૯૪૪૭૭ ૬૮૭૪૦**

---

**ચેરીટેબલ અને રીલીજીયસ ટ્રસ્ટના નવા નિયમોની માહિતી ભાગ-૧ અંગ્રેજીમાં આ અંકમાં પાના નં. ૨૩, ૨૪, ૨૫ ઉપર વાંચો**

## પાંચમી પુણ્યતિથિએ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



**સ્વ. ચંદ્રસેન હિરાચંદ મોમાયા**

જન્મ : ૧૪-૬-૧૯૫૫ • અરિહંત શરણ : ૧૭-૬-૨૦૧૭

જ્ઞાતિ ઈતિહાસના ઊંડા અભ્યાસી,
ચાર દાયકાથી ગુજરાતી પત્રકારિત્વમાં સમર્પિતપણે વ્યસ્ત,
પ્રકાશ સમીક્ષાના સહતંત્રી, સંનિષ્ઠ સામાજીક કાર્યકર,
સરળ સ્વભાવ, નેક દિલ ઈન્સાનની ખોટ સદાયે સાલશે.

**પ્રકાશ સમીક્ષા સમિતી**

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : મોતીચંદ લાલજી ખોના – નલિયા (મુલુંડ)**


U M KHONA AND COMPANY
CLEARING | FORWARDING | LOGISTICS
AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS
COMMITMENT
TO EXCELLENCE
OUR PRESENCE
AT:
MUMBAI
JNPT
HAZIRA
KOLKATA
HALDIA
CHENNAI
KANDLA
MUNDRA
PIPAVAV
U M KHONA AND COMPANY
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.
jayant.lapsia@gmail.com
Tel.: 6155 9901
Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955
www.umkhona.com
CB: 11/189



# ચલતે... ચલતે...



સંશોધનકાર : શ્રીમતી હીરા નેણશી ખોના
મો. : ૯૮૨૦૧ ૭૩૯૭૫

ભાગ - ૧૩

લેખક : સોમ ધરમશી
મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭


કું. મોનીશા ની ભારતનાટ્યમ્ મુદ્રા

ગુજરાતી સાહિત્યમાં કહેવતોનો ભંડાર છે. અનુભવ, કુદરતનું બારીક નિરીક્ષણ, સમાજમાં ઘટતી ઘટના ઉપરથી કહેવતનો જન્મ થાય છે. દા.ત. **''ચિંતા સે ચતુરાઈ ઘટે, ઘટે રૂપ ગુણ જ્ઞાન, ચિંતા બડી અભાગણી, ચિંતા ચિતા સમાન.''** આ કહેવતનું વિસ્તૃતિકરણ કરવું જરૂરી છે.

પણ આજે એક જુદી જ કહેવતની વાત કરવી છે - ''એક માતા સૌ શિક્ષકની ગરજ સારે છે.'' આજે પણ ઘણી વ્યક્તિઓ સમાજમાં પોતાના વિકાસ પાછળ માતા-પિતાએ તેમનામાં ગુંથેલા સંસ્કાર સિંચનને યાદ કરી કૃતજ્ઞ થાય છે.

વાત માંડવી છે, આપણી જ જ્ઞાતિની, એક ઉગતા ઝળહળતા કલાકારની. કુ. મોનીશા દિપ્તી કૃણાલ મૈશેરી (સિંધોડી નાની - ડોંબીવલી પૂર્વ) ઉં. વર્ષ ૧૬, ધોરણ-૯માં અંગ્રેજીમાં અભ્યાસ કરનારની.

કુ. મોનીશા નાં માતૃશ્રી શ્રીમતી દિપ્તી કૃણાલ મૈશેરી (બી.કોમ) (પિયરપક્ષે શ્રી પ્રવિણ હંસરાજ ખોના-બારોઈ-થાણે) સુપુત્રી સાથે વાતચીત કરતાં મોનીશાએ નૃત્યને એક શોખ (Hobby) તરીકે શરુઆત કરી, વ્યવસ્થિત શિક્ષણ લઈ અથાગ મહેનતથી સફળતાના સોપાન સર કર્યા છે, તેની વિગતવાર જાણકારી આપી, જે મારા શબ્દોમાં નિરૂપણ કરી અહીં મુકુ છું. જે કદાચ આપણી જ્ઞાતિના અન્ય માતા-પિતાને પોતાનાં સંતાનો, ઈત્તર પ્રવૃત્તિઓમાં ભાગ લઈ પોતાનું નામ ચમકાવવામાં મદદરૂપ બને.

મોનીશા લગભગ એક વર્ષની હતી ત્યારથી ચાલતા શીખી અને તે પણ ચાલણગાડીની સહાયતા વગર. એ ચાલતી ત્યારે ઠુમક... ઠુમક પગની થાપ મારતી. (મને અહીં સ્વ. પંડિત ડી.વી. પલુસકરનાં કંઠે ગવાયેલ અતિ પ્રચલિત રામ ભજન યાદ આવી જાય છે...)

**''ઠુમક ચલત રામચંદ્ર બાજત પૈજનિયા...''**

અને જાણે એ પગની ''થાપ'' એટલે ભરતનાટ્યમ શીખનારને મહિના ઉપરાંત કરવો પડતો રિયાઝ (Practice) સાત વર્ષની ઉંમરે મોનીશાએ ડોંબીવલીના એક કાર્યક્રમમાં લગભગ ૧૪-૧૫ વર્ષની બાલિકાને નૃત્ય કરતાં જોઈ અને વેસ્ટર્ન ડાન્સ શીખવાની રજુઆત કરી. દિપ્તીબેને તેને માર્ગદર્શન આપ્યું. પ્રથમ ભારતીય નૃત્યો શીખવાની શિખામણ અને સાથે સાથે પ્રોત્સાહનનાં બે બોલ.

મોનીશાની અઠવાડિયે બે દિવસ ભરતનાટ્યમ વિધિસર શીખવાની કઠોર તપશ્ચર્યા શરૂ થઈ. ડોંબીવલી વેસ્ટમાં આવેલ પવિત્રા આર્ટ એન્ડ વીઝુયલ્સ્ ઈન્સ્ટીટ્યુટનાં ગુરુશ્રી પવિત્રા કે. ભટ્ટ પાસે.

વર્ષ ૨૦૧૬માં ૧૬ વર્ષની ઉંમરે, ડોંબીવલી જીમખાના દ્વારા આયોજીત સાંસ્કૃતિક ઉત્સવમાં ઉત્સાહભેર ભાગ લઈ જાહેરમાં નૃત્યકલાના મોનીશાએ શ્રી ગણેશ માંડ્યા.

મોનીશા ભરતનાટ્યમની જ શૈલીમાં બીજા નૃત્યો પણ શીખવા લાગી અને તેની સફળતાનાં મહત્ત્વનાં પ્રસંગો ફોટા દ્વારા નીચે જણાવેલ છે.

(૧) ૨૦૧૭ મુલુંડ ફાઈન આર્ટસ દ્વારા યોજાયેલ સ્પર્ધામાં. (૨) ૨૦૨૦ ડી.પી. મહીસ્કર ફાઉન્ડેશન (**IRB Infrastructure**) નૃત્ય ઝંકાર. (૩) ૨૦૧૭, ૨૦૧૯, ૨૦૨૦માં નૃત્યાલય ફીસ્ટ (ભાડુંપ) સેન્ટ્રલ ઝોન વિજેતા. (૪) ૨૦૧૭, ૨૦૧૯માં અખિલ ભારતીય સંસ્કૃત સંઘ (યુનેસ્કોનાં સહભાગી)માં વિજેતા. (૫) સપ્તરંગ કલ્ચ



વર્ષ ૨૦૧૬માં પ્રથમ જાહેર નૃત્ય કલાના શ્રી ગણેશ...


કું. મોનીશા ની ભારતનાટ્યમ્ મુદ્રા


સપ્તરંગ-નાંદેડ એવોર્ડ-૨૦૧૯


વર્ષ : ૨૦૨૦ ડી.પી. મહીસ્કર ફાઉન્ડેસન આયોજીત નૃત્ય ઝંકાર પારીતોષિક મેળવતા.

એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : જયેશ દામજી નથુભાઈ દંડ - મંજલ રેલડીયા (મુલુંડ)

ફેસ્ટીવલ નાંદેડ, લે સ્કુલ ઓફ પર્ફોમિંગ આર્ટ્સમાં વિજેતા. (૬) "સ્ટુડન્ટ ઓફ ધ ઈયર" એવોર્ડ - શ્રી કેડીઓ સ્ટુડન્ટ એસોસિયેશન, ૨૦૧૯, ૨૦૨૦.... વગેરે વગેરે.

ત્યાર પછી તો મોનીશા એ "ગણ્યા ગણાય નહીં મારી છાબડીમાં માય નહીં" એટલા પારિતોષિક, એવોર્ડ એકઠા કર્યા છે.

મોનીશાની પ્રબળ ઈચ્છાશક્તિ, દ્રઢ મનોબળ, કઠીન તપશ્ચર્યા, એ સોનેરી સફળતાની ચાવીઓ છે. સાથે સાથે તેમના માતા-પિતાનો સાથ સહકાર, પ્રેરણા, એ પણ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

ચલતે ચલતે તથા પ્ર.સા.ના પદાધિકારીઓ તરફથી મોનીશ ભવિષ્યમાં ઉત્તરોત્તર પ્રગતિ કરતી રહે તેવા આશિર્વાદ અને અન્ય કુમાર-કુમારીકા માટે દિવાદાંડીની માફક પ્રકાશ ફેલાવતી રહે એજ પ્રભુ ને પ્રાર્થના...

દાદા-દાદીઓ, નાના-નાનીઓ વિચાર શું કરો છો, મોનીશાના દાદાશ્રી નવિન મૈશેરીની માફક આંગળી ચિંધવાનું પૂણ્ય લઈ, આપના કુટુંબીજનોમાં કોઈ બાલક, બાલિકા રસ ધરાવતી હોય તો તેમને માર્ગદર્શન આપી, સાંસ્કૃતિક ઈત્તર પ્રવૃત્તિનાં શોખ કેળવી આગળ વધે જેથી તેમના વિશે પણ ભવિષ્યમાં લેખ લખી શકાય.

શ્રી આઝાદ કચ્છ મિત્ર મંડળ ૧૯૫૫ થી ૧૯૬૫ની તેમની પ્રવૃત્તિઓની થોડીક માહિતી એકઠી થઈ રહી છે ત્યાં શ્રી તિલક કુંવરજી લોડાયા (બાંઢીયા-ડોંબીવલી)એ માહિતી આપી છે કે, મુલુંડમાં પણ શોભના મિત્ર મંડળ એ જમાનામાં હતું જેના અંતર્ગત સ્વ.શ્રી સુરેશ હિરજી લોડાયા(વાંકુ-મુલુંડ) ઢોલ વગાડતા અને મુલુંડના શ્રી સર્વોદય મંડળના અગ્રગણીય કાર્યકર્તા શ્રી પ્રતાપ ગોવિંદજી લોડાયા (સુથરી)ના મુલુંડ સ્થિત "પ્રતાપ પેલેસ"ની અગાસી ઉપર "બાર દાંડીયા"ની રમત નવયુવાનોને પ્રેક્ટીસ કરી રમાડવામાં આવતી. વધુ વિગત ફોટા મળેથી ચકાસીને.... આવતા અંકોમાં.


**Exclusive Embroidery & Upto date Finishing**

**જ્યોતિ** *Sachi Jari maate real nam*

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.

Tel.: 2404 3995 / 83692 52836 **Sunday Closed**

Online Shopping via WhatsApp available. By appointment only.

Originally at Zaveri Bazar since 1976 Follow us on


॥શ્રી આદિનાથાય નમઃ ॥

## શ્રી આદેશ્વરજી મ. જૈન દેરાસર ટ્રસ્ટ અને શ્રી મંજલ રેલડીયા ક.દ.ઓ. જૈન મહાજન

ઉપરોક્ત બન્ને સંસ્થાની સંયુક્ત મિટીંગ **દિનાંક : ૨૪, જુલાઈ ૨૦૨૨ના બપારેનાં ૩.૩૦ વાગે શ્રીમતી પ્રમિલાબેન દંડ રોટરી સર્વિસ સેન્ટર, આર.એન. ગાંધી અંગ્રેજી સ્કૂલની સામે, રાજાવાડી, ઘાટકોપર (પૂ.) મુંબઈ** મધ્યે આયોજીત કરવામાં આવેલ છે. એજન્ડા ઉપર ચર્ચા કરી યોગ્ય તે નિર્ણય લેવાશે.

(૧) નવનિર્મિત્ત દેરાસરજીના પ્રગતિનો અહેવાલ.

(૨) આવતા વર્ષે નવનિર્મિત દેરાસરજીની પ્રતિષ્ઠાનાં પ્રસંગ વિશે સભા તરફથી સુચનો, અમલીકરણ માટે સમિતિની નિમણુંક.

(૩) નવા ટ્રસ્ટીઓની નિમણુંક કરવા બાબત.

(૪) આપણા મહાજનના સભ્યોનું રજીસ્ટર અપડેટ કરવા.

(૫) મિટીંગના પ્રમુખશ્રીની રજાથી રજુ થતી બાબતો પર ચર્ચા-વિચારણા કરી યોગ્ય તે નિર્ણય લેવા.

નોંધ (૧) આ એક અતિ મહત્ત્વની મિટીંગ છે આપ ઉપસ્થિત રહેશો તેની જાણ દિનાંક ૨૦ જુલાઈ સુધીમાં શ્રી તુષાર દંડને મો. ૮૧૦૮૯ ૦૦૫૦૦ પર કરવી.

(૨) મિટીંગની કાર્યવાહી પુરી થયા બાદ અલ્પાહારની વ્યવસ્થા રાખેલ છે.

લી. મેનેજીંગ ટ્રસ્ટી

દિનાંક : ૧૮/૦૬/૨૦૨૨ શ્રી હુકમચંદ ધરમશી


શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ જખૌ મહાજન

**શ્રી જખૌ રત્નટુંક જૈન દેરાસર અને તેના સાધારણ ફંડ ટ્રસ્ટ**

**જખૌ તીર્થ ખાતે પર્યુષણ માટે આમંત્રણ**

જખૌ ગામવાસીઓ અને નિયાણી બહેનો સપરિવાર,

પ્રતિવર્ષની જેમ, શહેરી હાય-હોય ઉપાધિથી દૂર થઈ, પર્યુષણ મહાપર્વ દરમિયાન, ભક્તિભાવ પૂર્વક કર્મનિર્જરા કરવા શ્રી જખૌ તીર્થે, શ્રી રત્નટુંક જિનાલય સંકુલમાં મહાજનશ્રી દ્વારા વ્યવસ્થા કરવામાં આવેલ છે. આપને પર્યુષણ માટે જખૌ તીર્થે પધારવા શ્રી ક.દ.ઓ. જૈન જખૌ મહાજન અને શ્રી જખૌ રત્નટુંક જૈન દેરાસર ટ્રસ્ટ સહર્ષ આમંત્રણ પાઠવે છે.

આ વર્ષે, શ્રમણ ભગવંતોનું ચાતુર્માસ મળેલ ન હોવાથી, શ્રી આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ ને આરાધના કરાવવા, વીરસૈનિક/આરાધક ભાઈ/બહેનોને ફાળવવા વિનંતી કરેલ છે.

દાતાઓના સહકારથી શ્રાવણ વદ બારસ, તા. ૨૩-૮-૨૦૨૨ના નવકારશી થી કરીને, ભાદરવા સુદ ૭, તા. ૨-૯-૨૦૨૨ ના બપોરના ભોજન સુધી, રહેવા જમવાની વ્યવસ્થા મહાજનશ્રી અને ટ્રસ્ટ દ્વારા કરવામાં આવેલ છે.

વિશેષ :

૧) આપ કેટલા જણ પધારો છો તે આગમન અને પ્રસ્થાન ના સમય અને તારીખ જણાવવા વિનંતી જેથી વ્યવસ્થા કરવામાં સુગમતા રહે. સાથે ટીકીટની કોપી બીડવા વિનંતી જેથી યાત્રાળુઓની ઉંમર નો ખ્યાલ આવે.

૨) ભોંયતળિયા ના રૂમોની સંખ્યા મર્યાદિત હોવાથી, મહાજનશ્રી દ્વારા ફાળવવામાં આવેલ રૂમ વ્યવસ્થા, હાલશે, ફાવશે, ચાલશે, ગમશે ના અભિગમ સાથે સ્વીકારવા વિનંતી.

૩) સરકારીશ્રીના નિયમો અનુસાર, સરકારમાન્ય ઓળખ પત્રની કોપી રૂમ ફાળવતી વખતે ઓફિસે જમા કરવાની રહેશે.

**દેરાસરના નિભાવ માટે વ્યક્તિદીઠ, પ્રતિવર્ષ રૂા. ૨૪૦૦/- તેમજ સર્વ સાધારણ ફંડમાં એક આની ના રૂા. ૧૦૦૦/- પ્રમાણે ચડતા ભાવે ફાળો નોંધાવવા વિનંતી.**

તો ચાલો, આપના આગમનની તારીખો મહાજનશ્રીના સહમંત્રી શ્રી તરૂણભાઈ નાગડા ને Whatsapp નંબર 90226 19391 પર, તા. ૧૫-૮-૨૦૨૨ સુધી જાણ કરવા વિનંતી.

લિ. **શ્રી રાયચંદ દેવશી જીવાણી** (મહાજન પ્રમુખ)

આરોગ્ય પ્રકાશ

# આંખની સંભાળ અને તેને ઉપયોગી ખાદ્યો

- ડૉ. વીરચંદ લખમશી નાગડા,
M.B.B.S. (મુંબઈ), **M : 8369077978**



ટી.વી., કોમ્પ્યુટર, લેપટોપ, મોબાઈલમાં વ્યસ્ત જમાનામાં આંખ બગડવાના સંજોગ વધુ છે તેથી જ આંખની કાળજી આપણે સૌ એ તેમાંય ખાસ કરીને બાળકો, યુવાનો, ડાયાબીટીસ, હાઈબ્લડ પ્રેશરવાળી વ્યક્તિઓએ વધુ લેવી જોઈએ.

૧. રોજ સવારે આંખ ખૂલે એટલે બોલ્યા વગર આંગળીથી બન્ને આંખમાં ધીરેથી વાસી થુંક લગાડો-થુંકનું આંજન આંખમાં કરો, ઘણા રોગોથી બચી જવાશે.

૨. સવારના મોં ધોતી વખતે મોઢામાં પાણી ભરી એ પાણીને મોઢામાં જમણી તરફ લઈ જઈ જમણી આંખ પર હાથથી પાણીની છાલક મારો પછી મોં માં પાણીને ડાબી તરફ લઈ જઈ ડાબી આંખ પર પાણીની છાલક મારો એમ ડાબે-જમણે, ડાબે-જમણે ૧૫ થી ૨૦ વખત કરો, આનાથી આંખની ગરમી દૂર થશે અને આંખને ફાયદો થશે.

૩. પોતાના પેશાબને દસેક મિનીટ રાખી આઈકપમાં લઈ એમાં આંખ રાખી આંખને ગોળગોળ ઉપર-નીચે આજુબાજુ ફેરવો તેમજ બીજી આંખને પણ કરો. કોઈ દવા ખાતા હો તો આ ક્રિયા ના કરો, કારણ દવામાં રહેલ કેમીકલ્સ પેશાબમાં પણ રહેશે જે કદાચ નુકશાન પણ કરે.

૪. પેટ સાફ થઈ જાય પછી શીર્ષાસન, સર્વાંગાસન કરો જે આંખનું તેજ વધારે છે. પણ મોટી ઉંમરના, આંખના નંબર વધુ હોય, સર્વાઈકલ સ્પોન્ડીલોસીસ હોય તેમણે આ આસન ન કરવા. સિંહાસન અને વક્રાસન, ભૂજંગાસન, મત્સયાસન, અર્ધમન્સ્યેન્દ્રાસન, પર્વતાસન વગેરે કરવા.

૫. લોમ-અનુલોમ અને કપાલભાતિથી આંખના વિશેષ ફાયદા થાય છે. જેને ડબલ દેખાતું હતું તેની પણ કપાલભાતિ કર્યાથી તકલીફ મટી ગઈ છે.

૬. પદ્માસન કે ખુરશી પર બેસી માથું સીધું રાખી આંખના ડોળાને ઉપર-નીચે, આજુ-બાજુ, ત્રાંસી એમ દરેક ક્રિયા કરો અને ક્લોકવાઈઝ અને એન્ટીક્લોકવાઈઝ ગોળ ગોળ ફેરવો. દરેક ક્રિયા દસેક વખત કરો.

૭. ફોક્સીંગ (Focusing-કેન્દ્રીત કરવું) : આંખને દૂરની વસ્તુ પર અને પછી તરત જ આંખથી દોઢેક ફૂટ દૂર રાખેલ પોતાના અંગૂઠા પર કેન્દ્રીત કરો આમ વિસેક વખત કરો.

૮. પામીંગ : આંખ બંધ કરી બન્ને હથેળીથી આંખોને ઢાંકો, પાંચેક મિનીટ એમ જ બેસો, એ સમયે મંત્રજાપ કરી મનને શાંત રાખો.

૯. એરંડભ્રષ્ટ હરડેથી પેટ સાફ રાખો નહીં તો પેટની ગરમી આંખને નુકશાન કરશે.

૧૦. સુતી વખતે બંધ આંખો પર ગુલાબજળ કે કાળી માટીની પટ્ટી મૂકો અથવા કાકડી ખમણીને મૂકો, આંખની ગરમી દૂર થઈ ઠંડક મળશે. રૂને કાચા દૂધમાં પલાળી આંખો પર મૂકવાથી આંખોનું તેજ વધશે, આંખ પાસેના કાળા કુંડાળા પણ દૂર થશે. ઉનાળામાં બપોરે સૂતી વખતે આંખ પર ભીનું કરેલ રૂમાલ રાખવાથી પણ આંખને ગરમીથી ખૂબ રાહત મળે છે.

૧૧. લીલા રંગથી આંખોને ઠંડક મળે છે. તેથી બગીચામાં ફરો, બાગકામ કરો.

૧૨. બેસીને આંખના જ લેવલ પર રાખેલ મીણબત્તી જ્યોતને અપલક બે મિનીટ જુઓ, આંખમાંથી પાણી આવે ત્યાં સુધી એકીટશે જોતા રહો. આંખમાંથી પાણી આવે તો આ ટેક્નીક બરાબર છે. આ ક્રિયા નિયમિત કરવાથી આંખની શક્તિ વધશે અને એકાગ્રતા (concentration) પણ વધશે, આ ક્રિયા દિવસમાં બે વાર કરો.

૧૩. પેન્સીલની અણીને આંખથી દોઢેક ફૂટ દૂર રાખી તેની ટોચને જુઓ અને પેન્સીલને આંખની એટલી નજદીક લાવો કે પેન્સીલ દેખાતી બંધ થાય, ફરી તેને દૂર લઈ જાવ-આ દૂરથી પાસે અને પાસેથી દૂર લઈ જવાની ક્રિયા પાંચેક વખત કરો.

**હવે જોઈએ આંખોનું તેજ વધારતાં ખાદ્યો :**

**૧) ગાજર :** આંખોનું તેજ વધારવા ગાજર સૌથી સારા છે તેને એમને એમ ખાઈ શકીએ કે સલાડ તરીકે પણ ખાઈ શકો. ગાજર ખાવાથી કે રસ પીવાથી આંખોને ખૂબ ફાયદો થાય છે તેમાં વિટામીન-A, બિટાકેરોટીન, ફાયબર વિટામીન-K, પોટેશ્યમ અને એન્ટીઓક્સિડન્ટ ભરપૂર હોય

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા - રવા (ચેમ્બુર)**

છે જે આંખોનું તેજ વધારે છે.

**૨) પાલક :** વિટામીન, એન્ટીઓક્સિડન્ટથી ભરપૂર પાલકની ભાજી બનાવી ખાઈ શકાય કે તેનો રસ પી શકાય. આંખોના તેજ માટે પાલક ખૂબ ફાયદાકારક છે.

**૩) ટમેટા :** ટમેટા બારેમાસ મળે અને તે વિટામીન 'C' નો સારો સ્ત્રોત છે તેમાં વિટામીન A અને તાંબુ હોય છે. આ બધા તત્ત્વોથી આંખો સ્વસ્થ રહે છે, તેજ વધે છે.

**૪) શક્કરીયા :** શક્કરીયામાં આયર્ન, કેલશ્યમ, મેગ્નેશ્યમ, ફોસ્ફરસ, પોટેશ્યમ, પ્રોટીન, ફાયબર, સેલેનીયમ, વિટામીન A,B,C,K, વીટા રોટીન જેવા પોષક તત્ત્વો હોય છે. જે આંખોનું તેજ વધારે.

**૫) બ્રોકોલી :** બ્રોકોલીમાં સેલ્ફોરાફેન, વિટામીન K, C, ફોલેટ મેંગેનીઝ પોટેશ્યમ અને કેલશ્યમ હોય છે.

**૬) આમળા :** સૌથી વધારે વિટામીન C ધરાવતા આમળાને આપણે અલગ-અલગ રૂપમાં લઈ શકીએ છીએ. ચટણીથી લઈ અથાણા, મુરબ્બા, મુખવાસ અને જ્યુસ તરીકે લેવાથી આંખોનું તેજ વધે, સ્વાસ્થ્ય પણ સારૂં રહે છે.

**૭) કોથમીર :** કોથમીરનો રસ પીવાથી આંખની શક્તિ વધે છે.

**૮) સ્ટ્રોબેરી :** સ્ટ્રોબેરીનું સેવન આંખોનું તેજ વધારે છે. એક સંશોધન પ્રમાણે સ્ટ્રોબેરીમાં સમાયેલું ફ્લેવેનોઈડ નામનું કમ્પાઉન્ડ ક્વેરસેટિન નામના તત્ત્વની શરીરમાં માત્રા વધારે છે જે મોતીબિંદુ રોકવામાં અને દૃષ્ટિ સુધારવામાં મદદ કરે છે. એમાં રહેલા એન્ટીઓક્સિડન્ટ આંખોને બીજા રોગોથી બચાવે છે.

આ રીતે આપણી મૂલ્યવાન આંખોની સંભાળ લ્યો.


**MEDI-CLAIM EXPERT**

**CLAIMS SETTLEMENT**

❖ REJECTED / DELAYED CLAIMS

❖ POLICY FROM ALL COMPANIES COVERED

**CONTACT EXPERT: 9820853112**




।। શ્રી અજિતનાથાય નમઃ ।।

## શ્રી અજિતનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ, દલતુંગી

**પ્રિય ગામવાસીઓ, જ્ઞાતિજનો તથા નિયાણી બહેનો સહપરીવાર જોગ,**

### સંવત ૨૦૭૮ : ચાતુર્માસ સહ પર્વાધિરાજ પર્યુષણ પર્વની મંગલ આરાધના

સહર્ષ જણાવતા અતિ આનંદ અનુભવીએ છીએ કે પર્વાધિરાજ પર્યુષણ પર્વ સંવત ૨૦૭૮ નાં શ્રાવણ વદ-૧૩ **બુધવાર તા. ૨૪-૮-૨૦૨૨**નાં પ્રારંભ થશે. પર્યુષણ પર્વની આરાધના કરવા માટે દલતુંગી ગામનાં સર્વે જૈન ભાઈ/બહેનોને ગામની નિયાણી બહેનોને સહપરીવાર દલતુંગી ગામે પધારવા સ્નેહભર્યું નિમંત્રણ પાઠવીએ છીએ. આપણા સંઘના પુણ્યોદયે આપણી વિનંતીને માન આપી આર્યરક્ષિત વિદ્યાપીઠની બહેનો દ્વારા પર્યુષણ મહાપર્વની આરાધના કરાવવામાં આવશે. રોજ સવારના ભક્તામર, વ્યાખ્યાન, સવાર-સાંજ આરતી મંગલદીવો, પ્રતિક્રમણ વગૈરે કાર્યક્રમો દરરોજ રહેશે. વ્યાખ્યાન બાદ દરરોજ પ્રભાવના કરવામાં આવશે. ભક્તામર પછી સંઘ તરફથી **ત્રણ લક્કી ડ્રો** કાઢી ઇનામ આપવામાં આવશે. રાત્રી ભાવના સ્થાનિક ગામવાસી ભાઈઓ કરાવશે.

**સાધર્મિક ભક્તિનો નકરો રૂા. ૨૧,૦૦૦**/- રાખેલ છે. વહેલા તે પહેલાનાં ધોરણે લાભ આપવામાં આવશે. સંઘ તરફથી સાધર્મિક ભક્તિ **તા. ૨૩-૮-૨૦૨૨** ચૌવિહારથી **તા. ૧-૯-૨૦૨૨** બપોરના જમણવાર (છમછરી) સુધી રહેશે. જો દાતા મળશે તો સાધર્મિક ભક્તિનો આયોજન થઈ શકશે.

પર્યુષણ પર્વની આરાધના માટે આપ ક્યારે અને કેટલા જણ પધારવાના છો જેની જાણ આગોતરી કરશો જેથી વ્યવસ્થા કરવામાં સુગમતા રહે.

**-: વધુ વિગત માટે સંપર્ક :-**

**શ્રી પ્રવિણ રાયચંદ લોડાયા – 98338 19689** **શ્રી વિજય પુનશી માલદે – 91066 73821**

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : શ્રીમતી પ્રેમિલાબેન લક્ષ્મીચંદ છેડા – સુજાપર (ભાંડુપ)**

## શબ્દ કોયડો

# ધર્મસંદેશ - તા. ૨૦-૦૬-૨૦૨૨


રચયિતા : જયકાંત મોતા - તેરા (ઘાટકોપર)

મો. : ૯૮૧૯૬ ૨૮૩૮૨






**આડી ચાવીઓ :**

૧) ચક્રવર્તીના ચૌદ રત્નોમાનું એક (૨)
૫) રાજસ્થાનનું શાંતિનાથનું તીર્થ (૪)
૭) વીસ તીર્થંકરોની નિર્વાણભૂમિ (૭)
૧૦) કચ્છના આ ગામમાં ચંદ્રપ્રભુનું જીનાલય છે. (૨)
૧૧) આવતી ચોવીસીમાં શ્રી કૃષ્ણ વાસુદેવ કયા નામે તીર્થંકર બનશે. (૩)
૧૩) પ્રદક્ષિણા કેટલી અપાય? (૨)
૧૪) ભગવાન સમક્ષ તેમના ગુણગાન ગાવા, બોલવામાં આવે. (૨)
૧૬) સુલસા એ ...... છે (૨)
૧૭) અચલગચ્છના પ્રથમ સાધ્વીજી (૪)
૧૮) પૂજાના મુહકોષના પડ કેટલા? (૨)
૨૦) આ લોકના મધ્યમાં ...... છે. (૨)
૨૧) એક જ્ઞાન (૨)
૨૨) એક કર્મ (૨)
૨૪) આઠ .... માંથી દિક્કુમારીઓ પ્રભુનો જન્મોત્સવ ઉજવવા આવે (૨)
૨૫) હું છું ....... મારો જાલજો રે હાથ (૩)
૨૭) અમદાવાદમાં આવેલ ધર્મનાથ જીનાલયનું નામ (૪)
૨૯) ફક્ત દેવો જ આ તીર્થમાં પ્રભુના દર્શન કરવા આવે (૪)
૩૦) નેમીનાથનું ગુજરાતનું એક તીર્થ (૩)

**ઊભી ચાવીઓ :**

૨) ૧૦૮ પાર્શ્વનાથમાંના એક (૩)
૩) ભય કેટલા? (૨)
૪) પૂજા કરતાં હાથના ...... પ્રભુને સ્પર્શવા ન જોઈએ
૫) પર્યુષણમાં મોટી તપસ્યા કરનારાઓને... અપાય (૨)
૬) ચંદનબાળાનું બીજું નામ (૪)
૮) કચ્છના ૭૨ જીનાલય પાસે આવેલ એક તીર્થ (૪)
૯) પાલીતાણામાં આવેલ .... આકારનું જીનાલય (૨)
૧૦) રાજસ્થાનનું આદીનાથનું એક તીર્થ (૨)
૧૧) નવકારના અક્ષરો (૪)
૧૨) દિગંબર આચાર્ય કુંદ કુંદ સ્વામી રચિત ગ્રંથ (૫)
૧૫) પૂજા કરતાં આ તેર કરાય (૩)
૧૭) અજીતનાથના ચક્રવર્તી ભાઈ (૩)
૧૮) ........ એ મહાવીરની વાણી છે. (૩)
૧૯) કયા ભગવાનનું જન્મ તથા નિર્વાણ કલ્યાણક એક જ તિથીના છે. (૪)
૨૦) જેમણે સારા અક્ષરોને લીધે હજાર વર્ષ પછી આગમ લખ્યા (૪)
૨૩) બિહારનું સુવિધિનાથનું તીર્થ (૩)
૨૬) પદ્મપ્રભુનું રાજસ્થાનમાં આવેલ તીર્થ (૩)
૨૮) ચૌદ સ્વપ્નમાંનું એક (૨)

---

**ધર્મસંદેશ - ૫.૬.૨૦૨૨ના જવાબો : આડી ચાવીઓ :** (૧) મૃગ (૩) વીનીતા (૫) અચ્છેરા (૬) જયણા (૧૦) દસ (૧૧) નયસાર (૧૩) વાંઢ (૧૪) ખીમા (૧૫) કપુર (૧૬) રથનેમિ (૧૮) પોસીના (૨૦) સતી (૨૨) અશ્રુ (૨૩) યુગલીકો (૨૬) ચોવીહાર (૨૭) ગજ (૨૮) તીર્થ (૨૯) કોકા (૩૦) ઢપણી (૩૧) સો (૩૨) સમડી. **ઊભી ચાવીઓ :** (૨) ગજ (૩) વીણા (૪) તાપસ (૫) અર્જુન જાળી (૭) યક્ષા (૮) બાર (૯) ખરકવૈદ્ય (૧૦) દઢરથ (૧૨) સાધ્વી (૧૬) રતિઅરતિ (૧૭) મિનયુગલ (૧૮) પોસલી (૧૯) નાથ (૨૧) દેવી (૨૪) ગજ (૨૫) કોડાકોડી (૨૬) ચોસઠ.

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : હંસ બી. ખીમજી - તેરા (માટુંગા). સમય સોનાથી પણ વધુ મુલ્યવાન છે.**

પરિવારના શુભ પ્રસંગોનો સથવારો

# લગ્નદીપ એટલે વિવિધતાનો ખજાનો

Since 1982

LagnaDeep

Legacy of Tradition

SALE

UPTO

30%

**ઓફર ૧ જુલાઈથી ૨૦ જુલાઈ સુધી**

**રીઅલ જરી એમ્બ્રોઈડરીના સ્પેશિયાલીસ્ટ**
**સાચી જરીના ઘરચોળા અને બાંધણીઓ**

પાનેતરનું
એક્સ્ટ્રા ઓર્ડિનરી
કલેક્શન

**કસબ અને ઝીક કસબની**
**સાડીઓ અને ચણીયાચોળીમાં**
**નવી ડિઝાઈનનું ભરપુર સ્ટોક**

બડકસબ
પિટા અને મોચી
ભરતમાં
નવી ડિઝાઈનો

એપોઈન્ટમેન્ટ માટે સંપર્ક કરો

**022- 2568 0807, Mobile : 76666 88881 / 76666 22229**

બી-૧૩/૧૫, જલારામ આશિષ દેવીદયાલ રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦.

Follow us on :

**સેલ દરમ્યાન શો રૂમ ગુરૂવારે પણ ચાલુ રહેશે.**

## સમય પ્રવાહ

# જૈનોમાં શિથીલાચાર- સંઘ અને શ્રાવક



- પ્રવિણચંદ્ર શામજી ધરમશી (શાહ) કોઠારા-સુરત
મો.9978903247

કેટલાક સમય પહેલાં સોશ્યિલ મીડિયામાં પરમ પૂજ્ય શ્રી વિમલસાગર સુરીશ્વરજી મહારાજ સાહેબનો એક વિડિઓ બહુ જ વાયરલ થયો હતો; જેમાં તેમણે જૈન શ્રાવકોમાં વધતા જતા આહારના શિથીલાચાર બાબતે ગંભીર ચિંતા વ્યકત કરેલ અને જણાવેલ કે હાલમાં બહુજ મોટા પ્રમાણમાં જૈનોમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અભક્ષ્ય, જેમાં માંસાહાર પણ આવી જાય છે તેવા પ્રકારના આહારનો વપરાશ વધી રહ્યો છે અને બહુજ નજીકના સમયમાં બે પ્રકારના જૈનો જોવા મળી શકે છે; શાકાહારી જૈન અને માંસાહારી જૈન.શુદ્ધ જૈન કદાચ જ જોવા મળશે. તાજેતરમાં સોશ્યિલ મીડિયામાં એક મરાઠી સમાચાર પત્ર 'દિવ્ય મરાઠી' ના પ્રથમ પૃષ્ઠ પર રાષ્ટ્રીય કુટુંબ આરોગ્ય સર્વેક્ષણને ટાંકીને એક સમાચાર રજુ થયેલ, જેમાં છેલ્લા પાંચ વર્ષોમાં જૈનોમાં માંસાહારનો વપરાશ વધી રહ્યો છે અને પુરુષોમાં તે લગભગ ૧૮.૯% અને મહિલાઓમાં ૪.૩% જેટલો રજુ કરવામાં આવેલ. આ આંકડા ખુબજ ચોંકાવનારા અને દુઃખદ છે. કેટલાક જૈન સંગઠનોએ આ સમાચારનો વિરોધ પણ કરેલ છે.

હાલમાં સોશ્યિલ મીડિયામાં પરમ પૂજ્ય શ્રી વિમલસાગર સુરીશ્વરજી મહારાજ સાહેબનો એક વિડિઓ બહુ જ વાયરલ થયો હતો, જેમાં તેમણે ચેન્નાઈના જૈન સંઘ દ્વારા આયોજિત એક મહા સમારંભ બાબત ખુબજ દુઃખ વ્યક્ત કરતાં આલોચના કરેલ અને તે સંઘને આ પ્રસંગને જૈન આચાર સંહિતા કે પરમ્પરા મુજબ ઉજવવા વિનંતી પણ કરેલ. ચેન્નાઇ જૈન સંઘની સ્થાપનાના કેટલાક વર્ષો થઇ જવાથી આ વાર્ષિક સ્થાપના દિવસને વિશેષ પ્રસંગ તરીકે ખુબજ જાહોજલાલી અને ભવ્ય રીતે બહુ મોટા સ્તરે એક પંચ તારક હોટેલમાં ઉજવવાનું નક્કી કરીને તે પ્રમાણે કાર્યક્રમનું આયોજન તૈયાર કરવામાં આવ્યું. જે હોટેલમાં આ કાર્યક્રમ થવાનો છે તેમાં સામીષ અને નિરામિષ એમ બંને પ્રકારના ભોજન પીરસવામાં આવે છે. તેથી પૂજ્યશ્રીને આ સમારંભનું આવી હોટેલમાં આયોજન યોગ્ય ના લાગ્યું.

તાજેતરમાં આઠમી મેના રોજ અમારા ત્રણ પારિવારિક મિત્રોનું કોરોના કાલની લગભગ સમાપ્તિ પછી એક રાત્રી ભોજનનું આયોજન કરેલ. ત્યારે મારા સિંધી મિત્રનો પુત્ર જે ઓસ્ટ્રેલિયાથી આવેલ તે અમારા માટે ત્યાંથી ચોકલેટ લઇ આવેલ. મારા સુપુત્રએ તે ચેક કરીને કહયું કે આ ચોકોલેટ ૧૦૦% શાકાહારી નથી એટલે આપણા માટે અભક્ષ્ય છે. અમે તે અમારી મરાઠી કામવાળીને આપવાનું નક્કી કર્યું. આ આયોજન અમારા મારવાડી જૈન પારિવારિક મિત્રને ત્યાં હતું. ત્યારે જૈન શ્રાવક અને સંસ્થાઓ દ્વારા શિથીલાચાર બાબત ચર્ચા થયેલ અને તેમનું પણ માનવું છે કે ઉત્તરોત્તર જૈન શ્રાવક તો ઠીક છે, પણ સંસ્થાઓમાં મોટા પાયે શિથીલાચાર જોવા મળે છે. સંસ્થાકીય કે સંઘકીય આયોજનોમાં કાર્યક્રમોને વધારેને વધારે લોકરંજક, મનોરંજક અને ભવ્ય બનાવવા માટે જૈન આચાર સંહિતાનું કે પરંપરાનું પાલન થતું નથી, જેથી નવી પેઢીને જૈન પરંપરા કે આચાર સંહિતાનું વ્યવહારિક જ્ઞાન મળતું નથી. રાત્રી ભોજન અને અભક્ષ્ય કંદ મૂળનો છૂટથી વપરાશ એ સાવ સામાન્ય બની રહયું છે. હું એક જૈન વ્યવસાયીને જાણું છું જેણે તેના સંતાનના લગ્ન પ્રસંગે તેના વ્યવસાયિક મિત્રો માટે એક વિશેષ ભોજન સમારંભ આયોજિત કરેલ જેમાં શરાબ અને સામીષ ભોજનની વ્યવસ્થા રાખેલ. તે કહે છે કે વ્યવસાયના વિકાસ અને જાળવણી માટે માટે આવી બાંધછોડ કરવી પડે છે.

લગભગ ત્રણેક વર્ષ પહેલાં મારા એક પરિચિત મળ્યા. અમે બંને જૈન સોશ્યિલ ગ્રુપમાં સભ્ય હતા. અમે વ્યક્તિગત કારણસર એ ગ્રુપ છોડી દીધું. આ પરિચિતે જે કહયું તે કર્ણપ્રિય ના લાગે પણ વાસ્તવિકતા છે . તેમણે પણ આ ગ્રુપ છોડી દીધું અને કહયું કે આસ્તે આસ્તે નવી પેઢીના હાથમાં કાર્ય સંચાલન આવ્યું અને જેઓ માત્ર અને માત્ર યુવાનોને લાયક મનોરંજનના કાર્યક્રમો રાખે જેમાં પીકનીક, ફિલ્મ શો, હોટેલોમાં આયોજનો, નાટક શો, ક્રિકેટ જેવા રમતના આયોજનો કરે. આ આયોજનોમાં કેટલીક વાર તો ૩૦-૪૦% સભ્યો માંડ હાજર રહે અને ૧૦૦% ખર્ચો સમાજ ભોગવે! આ બાબત આયોજકોના ધ્યાન પર લાવતાં નારાજ થઈને ઝગડા જેવી પરિસ્થિતિ ઉભી થાય. આયોજકોનું માનવું છે કે ભોજનમાં કંદમૂળ અને રાત્રિભોજન એ જમાના પ્રમાણે કે સમયાનુસાર છે અને તે કાર્યક્રમોને માણવા યોગ્ય બનાવવા માટે જરૂરી બની ગયું છે, તેથી હવે આ બાબતોને જાહેર ટિક્કા ટિપ્પણનો વિષય ના બનાવશો. સૌને સાથે રાખીને ચાલવાની નીતિના સ્થાને માત્ર અમુક જ સ્થાપીતો માટે કાર્ય કરવાની જે પ્રણાલી ચાલુ થઇ તેથી તેમણે આ ગ્રુપ છોડી દીધું.

**છીપનું મોતીઃ** સમાજની મૂળભૂત પરંપરા અને આચાર સંહિતાનું રક્ષણ કરવું એ સંસ્થાનું કર્તવ્ય છે. સમયાંતરે તેમાં યોગ્ય અને લાયક સુધારા કરી શકાય પણ તેને નેસ્તનાબૂદ ના કરી શકાય.

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : અશોક દામજી ડાઘા-વરાડિયા(કોઈમ્બતૂર) વેધા ટેક્ષટાઈલ**

# શ્રી શત્રુંજય એકેડમી
## સંચાલિત
# શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગ્ જ્ઞાન અભ્યાસક્રમ

C/o. શ્રી પદ્મપ્રભસ્વામી જિનાલય, સ્ટેશન રોડ, ચાલીસગામ, જી. જલગામ, મહારાષ્ટ્ર - ૪૨૪ ૧૦૧.

શુભાશીર્વાદ
શાસન શિરોમણી, તપચક્રવર્તી, પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.
દિવ્યકૃપા
આગમ આરાધિકા બા.બ્ર.પ.પૂ. મુક્તિશ્રીજી મ.સા. તથા
શાસન પ્રભાવિકા પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.
પ્રેરણા માર્ગદર્શન-પ.પૂ.સા. શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. M.Sc., Ph.D.

- મળેલા માનવભવને સફળ કરવા...
- મળી ગયેલા જિન શાસનને જાણવા... સમજવા
- જીવનમાં પરિવર્તન લાવી સાચા સાધુ-શ્રાવક બનવા...
- સમ્યગ્ જ્ઞાનના મહાસાગરમાં ડૂબકી લગાવી શ્રુતરત્નો પ્રાપ્ત કરવા...
- જીવનમાં સુખ-શાંતિ અને સમાધિનો અનુભવ કરવા...

# શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગ્ જ્ઞાન અભ્યાસક્રમમાં
## જોડાવવા હાર્દિક આમંત્રણ

**હિન્દી, ગુજરાતી તથા English ત્રણે વિભાગોમાં વર્તમાન પરિસ્થિતિના કારણે**
**પાંચે વર્ષમાં અભ્યાસક્રમમાં ONLINE અને OFFLINE પ્રવેશ ચાલુ છે.**
વધુ વિગત માટે જુઓ www.shatrunjayacademy.com વેબસાઈટ પર

First in Gujrati... Then in Hindi...... Now in English Also

જૈન સ્નાતક બનવા માટે ત્રણ વરસનો અભ્યાસક્રમ છે. પ્રત્યેક વર્ષના અભ્યાસક્રમમાં તમને કુલ ૧૦(દસ) પુસ્તિકા મોકલવામાં આવશે. પ્રત્યેક પુસ્તિકા સાથે પ્રશ્નપત્ર રહેશે. પુસ્તિકાનો અભ્યાસ કરીને પ્રશ્નપત્ર ભરીને તમને પાછો મોકલવાનો રહેશે. ૧૦ પુસ્તિકા પૂર્ણ થયા પછી કેન્દ્રીય પરીક્ષાનું આયોજન થશે.

વાર્ષિક પરીક્ષામાં પાસ થયા પછી પ્રથમ વર્ષના અંતે (F.Y.B.J.) તમને **'સમ્યગ્જ્ઞાન પ્રવેશિકા'**, બીજા વર્ષના અંતે (S.Y.B.J.) તમને **'સમ્યગ્ જ્ઞાન પરિચય'**, ત્રીજા વર્ષના અંતે (T.Y.B.J.) તમને **'સમ્યગ્ જ્ઞાન સ્નાતક'**, (B.J.) ની પદવીથી સન્માનિત કરવામાં આવશે. આગળ માસ્ટર (Master of Jainism (M.J.) અને ડૉક્ટરેટ Doctor of Jainism (D.J.) ડિગ્રી પણ મેળવી શકાશે.

| : સંપર્ક સૂત્ર : | : સંપર્ક સૂત્ર : | : સંપર્ક સૂત્ર : |
|---|---|---|
| સૌ. કાશ્મીરાબેન વિનોદ લોડાયા<br>શાહ ગોવિંદજી વીરમ ફેક્ટરી કમ્પાઉન્ડ,<br>મોઢા રોડ, ઔરંગાબાદ-૪૩૧ ૦૦૧.<br>ફોન : (02848) 2336475 | SHILPA AJANI<br>MUMBAI<br>Mo.: 9821113338<br>Email : shilpaajani1@gmail.com | લતાબેન વીકમશી<br>૨/૩૯ અનંતનિવાસ, ભાત બજાર,<br>મસ્જીદ બંદર, મુંબઈ - ૪૦૦ ૦૦૯.<br>Mo. : 9323944117. |

સંપર્ક સૂત્ર : હેમલ પોલડિયા C/o. શ્રી શત્રુંજય એકેડમી, ચાલીસગામ Mo. 8956372227

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### ઉર્વીની ઝળહળતી સિદ્ધિ



નાગપુરમાં રહેતા પ્રમેન્દ્રભાઈ ધરમશી કોઠારા-નાગપુરની નાની દીકરી ઉર્વી શાહ હાયર સેકેન્ડરી બોર્ડની બારમાની વાણિજ્ય શાખાની પરીક્ષામાં ૯૮.૮૩ ટકા સાથે પ્રથમ ક્રમાંક અંકે કર્યો છે.

ઉર્વીની મોટી બહેન અંજલી ૨૦૧૭માં વાણિજ્ય શાખાની બોર્ડની ૧૨ માની પરીક્ષામાં રાજ્યભરમાં પ્રથમ સ્થાન મેળવ્યા પછી સીએ થઈ છે.

ઉર્વીના પિતા પ્રમેન્દ્રભાઈ આર્કિટેક્ટ છે અને માતા ગૃહિણી. પિતાની ઈચ્છા ઉર્વીને સાયંસ શાખામાં અભ્યાસ કરાવવાની હતી પણ મોટી બહેન અંજલીની પ્રેરણા લઈ વાણિજ્ય શાખામાં અભ્યાસનો નિર્ણય લીધો અને સી.એ. બનવાના લક્ષ્ય સાથે વાણિજ્ય શાખામાં પ્રવેશ લીધો. પ્રકાશ સમીક્ષાના અભિનંદન.

### કેડીઓ જૈન જ્ઞાતિ મહાજન કાલીકટ(કેરલા)ની તા. ૨ જાન્યુ.૨૨ની ચૂંટાયેલ કમિટી

(૧)શ્રી ચંદ્રકાંત ખીમજી ખોના (પ્રમુખ)-૯૮૯૫૧ ૫૪૯૨૪, (૨) શ્રી હીરાચંદ પદમશી શાહ (ઉપ પ્રમુખ)-૮૦૮૯૨ ૮૬૨૯૪, (૩) શ્રી ભરતકુમાર જવેરચંદ (ખજાનચી)-૯૮૯૫૨ ૧૨૮૫૩, (૪) શ્રી ભાવેશ કે. શાહ (મંત્રી)-૯૬૩૩૩ ૩૫૯૮૬, (૫) શ્રી લોકીત ડી. શાહ (સહમંત્રી)-૮૦૮૯૬ ૮૬૬૨૧, (૬) શ્રી નરેશ બી. ખોના (સભ્ય)-૯૯૬૧૨ ૨૫૫૯૯, (૭) શ્રી કિરીટ રાયશી દંડ (સભ્ય)-૯૮૯૫૦ ૩૮૯૫૬.

### પારોલા ક.દ.ઓ.શ્વે.મૂ. જૈન શ્રીસંઘ

વર્તમાન ગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તીની પ.પૂ. સાધ્વી શ્રી ચારુલતાશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી મહાપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિ ઠાણા-૪ની નિશ્રામાં ખાનદેશ ક્ષેત્રે પારોલા તીર્થમા શ્રી શાંતિનાથદાદાના કલ્યાણકારી જન્મદિક્ષા અને મોક્ષ કલ્યાણક નિમીત્તે પ.પૂ. શ્રી વિજયમાણેકસિંહ સૂરીશ્વરજી મ.સા. દ્વારા કૃત શ્રી શાંતિનાથવાસ્તુક પુજાની પ્રતિસ્પર્ધાના આયોજનમાં ગામોગામથી પધારેલ મહિલા મંડળોએ ભાગ લીધેલ. પ્રતિસ્પર્ધામાં પ્રથમ : ગૃહલક્ષ્મી મહિલા મંડળ-ચાલીસ ગામ. દ્વિતીય : ભાવના મંડળ-જલગામ, તૃતીય : અચલગચ્છ કચ્છી મહિલા મંડળ-ધુલીયાના નામો પ્રતિસ્પર્ધાના જજ. વિજયભાઈ કોઠારી-અમલનેર અને રંજનબેન જલગામવાલાએ જાહેર કર્યા.

### હિતેશ મોતાની રાજ્યપાલ સાથે મુલાકાત

તાજેતરમાં અધ્યાત્મ પરિવારના ટ્રસ્ટી હિતેશભાઈ મોતા, શ્રીમતી નિશાબેન મોતા, નંદપ્રભા પરિવારના પરેશભાઈ શેઠ અને જૈન સમાજના અગ્રણી રવિન્દ્રભાઈ સંઘવીને મહારાષ્ટ્રના રાજ્યપાલ ભગતસિંહજી કોશિયારીએ તેમના સત્તાવાર નિવાસ રાજભવન ખાતે મુલાકાત અને નવકારશી માટે આમંત્રિત કર્યા હતા.

મુલાકાત દરમિયાન હિતેશભાઈ સહિત મુલાકાતીઓએ જૈન સમાજના કલ્યાણક ભૂમિના જિર્ણોધ્ધાર, પાલીતાણા અને ઝારખંડમાં નવનિર્માણ થયેલા ઋજુવાલિકા તીર્થની માહિતી સહિત વિવિધ સેવાકાર્યોની માહિતી આપી હતી. સાથે જ પાવાપુરી, ક્ષત્રિયકુંડ તથા સમેતશિખરજીના વિકાસ માટે સરકારના સહયોગ બાબતે માગણી રજુ કરી હતી. રાજ્યપાલશ્રીએ સમગ્ર રજુઆત સાંભળી સહયોગની હૈયા ધારણ આપી હતી.


॥ મહાવીરાય નમઃ ॥

**સોમનાથ ટુર્સ અને ટ્રાવેલ્સ - કોઠારા**

અમારી સેવાઓ

- ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર તથા કચ્છના તમામ શહેરો માટે બંને તરફથી વનવે ભાડામાં આવવા જવા માટે ટેક્ષી
- વનવે તથા રિટર્ન ટ્રીપ માટે વિશેષ સુવિધા
- જૈન તીર્થધામો માટે વિશેષ સુવિધા
- અનુભવી ડ્રાઈવરો સાથે 24 x 7 અને 365 દિવસ કાર્યરત

વધુ માહિતી માટે સંપર્ક કરો **નિરવ મુનવર : 8320965711**


**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : એક સદ્‌ગૃહસ્થ જ્ઞાતિજન**



# શ્રી અંબાજી ધામ - નલિયા



છેડા ફરીયો, નલિયા. તા. અબડાસા, કચ્છ-૩૭૦ ૬૫૫.

## શ્રી ક. દ. ઓ. છેડા ગોત્રના કુળદેવી શ્રી અંબામાતાજી ની સમુહ પહેડી

જય અંબે સાથે જણાવવાનું કે છેડા ગોત્રના કુળદેવી શ્રી અંબામાતા મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા થયાને ૧૮ વરસ વિતી ગયા છે. આપણે માતાજીના સ્થાનકે આજ દિવસ સુધી એક પણ પહેડી ઉજવી નથી. તા.૧૭-૪-૨૦૨૨ના મળેલ કમિટિ મેમ્બરની મિટીંગમાં સર્વાનુમતે નિર્ણય લેવાયો છે કે આવતી માતાજીની સમુહ પહેડી આપણે માતાજીના સ્થાનકે નલિયા ગામે ઉજવીયે.

માતાજીની સમુહ પહેડીનો કાર્યક્રમ નીચે મુજબ નક્કી થયેલ છે.

**શુક્રવાર તા. ૨-૧૨-૨૦૨૨, સાંજના ૬:૩૦ કલાકે ભલારાદાદા નો પાઠ**

**રાત્રે ૮:૩૦ કલાકે મહાકાલી માતાજીની ભાવના અને દાંડિયા રાસ**

**શનિવાર તા.૩-૧૨-૨૦૨૨**

| | |
|---|---|
| શુભારંભ | : સવારના ૯.૦૦ કલાકે |
| ભક્ત સંગીત | : સવારના ૯.૧૫ થી ૧.૦૦ કલાકે |
| પહેડી પ્રસાદ | : બપોરના ૧૨.૦૦ વાગ્યાથી |
| ઉત્થાપન | : બપોરના ૨.૩૦ કલાકે |

**નીચેની સ્પોનર્સશીપ આપવાની બાકી છે.** (વહેલો તે પહેલાના ધોરણે આપવામાં આવશે)

**રેલ્વે ટિકીટ, સવારનો નાસ્તો, બપોરનું જમણ, સાંજનું જમણ, મંડપ ડેકોરેશન, લાઈટીંગ ડેકોરેશન, સંગીત ખર્ચ**

**ખાસ નોંધ**

- બહારગામથી પધારનાર સર્વે ભાવિકોને શુક્રવાર તા.૨-૧૨-૨૦૨૨ સુધી નલિયા મુકામે પહોંચી જવા વિનંતી.
- રહેવા તથા જમવાની વ્યવસ્થા કમિટિ તરફથી કરવામાં આવશે.
- આવવા તથા જવાની વ્યવસ્થા ભાવિકોએ જાતે કરવાની રહેશે.
- સર્વે ભાવિકોને નમ્ર વિનંતી કે જે પણ ભાવિકો પહેડીમાં હાજર રહેવા ઈચ્છા ધરાવતા હોય તેઓએ તેમના નામ તથા મોબાઈલ નંબર તા.૧૫-૧૧-૨૦૨૨ સુધીમાં કમિટી મેમ્બરને આગોતરી જાણ કરવા વિનંતી. જેથી કરીને અમોને રહેવા તથા જમવાની વ્યવસ્થા કરવાની સુગમતા રહે.
- પોતાના સ્ટેશનથી ગાંધીધામ/ભૂજ તથા પરત જવાની ટિકિટ બતાવવાની રહેશે.
- સંપૂર્ણ કાર્યક્રમની વિગત પાછળથી જણાવવામાં આવશે.
- સમૂહ પહેડીમાં સર્વે ભાવિકોને બહોળી સંખ્યામાં હાજર રહેવા વિનંતી.
- છેડા ગોત્રની નિયાણી બહેનોને પણ પહેડીમાં પધારવા ભાવભર્યું આમંત્રણ છે

દામજી ચાંપશી છેડા - મુલુંડ : ૯૩૨૩૮ ૬૫૦૩૨

| | | | | | |
|---|---|---|---|---|---|
| ઉમેશ સુરેશ છેડા | - મુલુંડ | : ૯૮૩૩૫ ૯૭૪૬૫ | ભરત છેડા | - કાંજુરમાર્ગ | : ૯૩૨૦૨ ૧૮૪૦૫ |
| કુમાર છેડા | - મુલુંડ | : ૯૮૧૯૯ ૧૯૭૮૩ | કમલેશ છેડા | - મુલુંડ | : ૯૮૨૦૬ ૩૮૪૫૭ |
| પિનાકિન જેઠાભાઈ છેડા | - મુલુંડ | : ૯૮૧૯૭ ૦૮૦૮૬ | હિરાચંદ ધનજી છેડા | - ડોંબીવલી | : ૯૩૨૧૩ ૭૮૯૯૯ |
| નરેશ પ્રેમચંદ છેડા | - માટુંગા | : ૯૯૬૭૬ ૫૪૬૫૯ | જયેશ નવીનચંદ્ર છેડા | - મુલુંડ | : ૯૮૬૭૩ ૬૮૯૭૦ |

**માતાજી ને લગતા કાર્યક્રમો ની ને જાણ કરવાના ઉદ્દેશ થી એક ગ્રુપ બનાવવાની યોજના છે. તો સર્વે ભાવિકો ને પોતાના નામ તથા મોબાઈલ નંબર કમીટી મેમ્બર્સ ને જાણ કરવા વિનંતી**



**અ.સૌ. અપેક્ષા મોમાયા (શર્મા)**
**નવા એક્ચુઅરી અનુસ્નાતક**

પારિવારીક અને વ્યાવસાયિક જવાબદારીઓના વહન સાથે સખત પરિશ્રમના ફલરૂપે અ.સૌ. અપેક્ષા અનુજ ધનેશ મોમાયા વરાડિયા-નવી મુંબઇ એક્ચુઅરી ઈન્ડિયાની ખૂબ આકરી ગણાતી પરીક્ષામાં સફળતા હાંસલ કરી અનુસ્નાતક થયા છે.

સીએની પરીક્ષામાં રેન્ક હોલ્ડર અપેક્ષાબેન સીએ ઈન્સ્ટીટ્યૂટના પોસ્ટ ક્વાલિફિકેશન સર્ટીફિકેશન અર્હતોત્તર પ્રમાણીકરણ (યોગ્યતા પ્રમાણીકરણ) દિશા ઇન્ફોર્મેશન સિસ્ટમ ઓડિટ માહિતી પ્રણાલી ઓડિટ એફ એ એફડી (ફોરેન્સીક એકાઉન્ટીંગ એન્ડ ફ્રોડ ડિટેકશન. આઈએફઆરએસસી (ઇન્ફોર્મેશન એકાઉન્ટીંગ સ્ટાન્ડર્ડ) જેવી મહત્ત્વપૂર્ણ સિદ્ધિઓ અંકે કરી છે. માતુશ્રી રાજબાઈ કેશવજી વેલજી મોમાયાના વરાડિયા પુત્રવધુ અપેક્ષાબેન અનુજ ધનેશ મોમાયા (શર્મા) હાલમાં સ્ટાર યુનિયન દાઈ ચી લાઈફ ઈન્શ્યોરન્સના એક્ચુઅરી ખાતામાં ફરજ પર છે.

**વેરાવળ સહકારી બેન્કને ઉત્કૃષ્ટ કામગીરી ઍવોર્ડ**



ધ વેરાવળ મર્કન્ટાઈલ કૉ.ઓ. બેન્કને તાજેતરમાં લોનાવલા ખાતે યોજાયેલા કાર્યક્રમમાં રૂા. ૬૦૦ થી ૭૦૦ કરોડ ડીપોઝીટ રેન્જની કેટેગરીમાં ઉત્કૃષ્ટ બેન્કનો ઈલકાબ મળ્યો છે. સ્મરણીય રહે કે આ બેન્કના ચેરમેન પદે આપણી જ્ઞાતિના નવીનભાઈ હીરજી દંડ વરસોથી કામગીરી બજાવી રહ્યા છે. જેના પ્રયત્નો થકી વેરાવળ મર્કન્ટાઈલ ઉત્કૃષ્ટ કામગીરી નોંધ વતી રહી છે. આ હકીકત લક્ષ્યમાં લઈ દેશની અગ્રણી બેન્કીંગ મેગેજીન 'બેન્કો' દ્વારા બેન્કર ડી.સી. કાલેના હસ્તે 'બ્લ્યુ રીબન એવોર્ડ' ફર્સ્ટ પ્રાઈઝથી નવાજવામાં આવ્યા છે.

**કિડની અને હાડકાં રોગ નિદાન કેમ્પ**

શ્રી રાયચંદભાઈ ધરમશી અને શ્રી કિરીટભાઈ લાપસીયા સંચાલિત કિડની અને હાડકાં રોગ નિદાન કેમ્પ શનિવાર, તા. ૨૫.૬.૨૨, સમય : સવારે ૧૦ થી સાંજે ૫, સ્થળ : અનંતછાયા, આર.બી. મહેતા માર્ગ, ઘાટકોપર (ઈ). આ કેમ્પમાં સેવા આપશે નિષ્ણાંત સર્જન ડૉ. રાજેશ ઠક્કર. રજીસ્ટ્રેશન માટે સંપર્ક : **ડૉ. મીરા ધરમશી-૯૩૨૩૩૭૩૭૭૩.**

## વતનના વર્તમાન
**સંકલન : કેસરસિંહ ખોના**

**માંડવી બીચ ખાતે તરતું રેસ્ટોરાં**

ગુજરાત રાજ્ય પ્રવાસન ખાતું ખાનગી કંપની સી લીંક બીચ રિસોર્ટ કચ્છનું પ્રથમ તરતુ રેસ્ટોરાં શરૂ કરવાની યોજના હાથ ધરી છે. આ ઉપરાંત દરિયા કિનારે ૧૮ એકર વિસ્તારમાં ૭૨ વિલા બનાવશે. જેમાં કુલ ૧૭૨ રૂમ હશે. સાથે ત્રણ રેસ્ટોરાંનું આયોજન પણ છે.

**સ્ટેમસેલ સારવાર આપતી સયાજી હોસ્પિટલ**

દિલ્હીની એઈમ્સમાં કેન્સરની સ્ટેમસેલ સારવાર શરૂ કરનાર વડોદરાની સયાજી હોસ્પિટલ દેશની પ્રથમ સરકારી હોસ્પિટલ છે જેને સ્ટેમ સેલ હાર્વેસ્ટીંગ લાઈસંસ મળ્યું છે.

